
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्


# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter


For Private Circulation Only

Vol. 12, Issue. 214, March 2021


ધ્યેય અને સિધ્ધિ વચ્ચેનો સાચો સેતુ એટલે શિસ્ત.

ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વ્યકિતનું સૌથી પહેલું સમર્પણ પોતાના પ્રત્યે, પોતાના લક્ષ્ય પ્રત્યે હોવું જોઈએ. જેનું લક્ષ્ય મહાન સત્યની પ્રાપ્તિ છે, તે તેના માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરશે. લક્ષ્ય પછી માર્ગદર્શક પ્રત્યે સમર્પણ હોવું જોઈએ. સમર્પણ બે દષ્ટિએ થાય છે–વૈધાનિક અને આત્મિક. વૈધાનિક સમર્પણ બુધ્ધિનો સ્પર્શ કરે છે, તેનાથી હૃદય અભિભૂત થતું નથી. તે સમર્પણ મૂલ્યવાન હોતું નથી. વિધાન માત્ર પ્રેરક હોય છે અને મર્યાદાઓ માત્ર સૂચક હોય છે. જે વૈધાનિકતાની પાછળ આત્મીયતા નથી હોતી, ત્યાં પ્રામાણિકતા માત્ર દેખાવ સમાન હોય છે. જયાં ગુરુ–શિષ્યનો સંબંધ વૈધાનિક હોતો નથી, ત્યાં આત્માનો ઉદય થાય છે. જયાં વૈધાનિકતા પ્રબળ હોય છે, ત્યાં આત્મા દબાઈ જાય છે. એક વિચાર આવે છે કે આપણે બીજામાં આપણું અસ્તિત્વ વિલીન શા માટે કરવું? આપણું પણ પોતાનું વ્યકિતત્વ હોય છે, આપણે પણ શિક્ષિત છીએ, આધુનિક સદીમાં જીવી રહયા છીએ. આ પ્રકારના વિચારોથી સમર્પણમાં મુશ્કેલી આવે છે,જયાં સમર્પણ છે, ત્યાં ઈચ્છાનો નિરોધ છે.

આચાર્ય એક કાર્ય માટે માર્ગદર્શન આપે છે કે તમારે અહીં આ કરવું જોઈએ. એ માર્ગદર્શન પ્રત્યે જો વિભિન્ન સંકલ્પનાઓ પેદા થતી હોય તો સમજવું જોઈએ કે તે સમર્પણ નથી. સમર્પણ કરનારો વ્યકિત પોતાના માટે શેષ કંઈપણ રાખતો નથી. સત્ય પ્રત્યે સ્વયંનું સમર્પણ કરી દેવું તે લક્ષ્ય પ્રત્યે સમર્પણ છે. મુશ્કેલીઓમાં પણ શ્રધ્ધા ન ડગે ત્યારે માની લેવું કે આત્માથી થયેલું સમર્પણ છે. આત્મ–સમર્પણમાં પોતાની મુશ્કેલીઓનો ભાર સ્વયં ઉઠાવવો પડતો નથી. જયાં સમર્પણ નથી હોતું, ત્યાં પોતાની ચિંતા સતાવે છે, માર્ગદર્શક પ્રત્યે શ્રધ્ધા મેળ ખાતી નથી.

જયાં વ્યકિત પોતાના ચિંતનને માર્ગદર્શકથી વધારે મૂલ્યવાન માનવા લાગે છે, ત્યાં મુશ્કેલીઓ પેદા થાય છે. માર્ગદર્શકના ચિંતન પર શ્રધ્ધા રાખનારને કોઈ જ મુશ્કેલી આવતી નથી.

દ્રોણાચાર્યે એકલવ્ય પાસેથી તેનો અંગૂઠો માંગ્યો. એકલવ્યે તરત જ અંગૂઠો કાપીને આપી દીધો. અહીં વિધાનની કોઈ જ ભાષા બોલતી નથી કે તેણે અંગૂઠો આપવો જ પડે. એકલવ્યે વિચાર્યું કે, જેને મેં ગુરુ માન્યા છે તેમના પ્રત્યે મારું કર્તવ્ય છે. એકલવ્યે કર્તવ્યનું પાલન કર્યું અને પોતાનો અંગૂઠો આપી દીધો. કયારેક–કયારેક ગુરુ અને આચાર્ય બે થઈ જાય છે. એક ગુરુ હોય છે, પરંતુ આચાર્ય નહીં, એક આચાર્ય હોય છે, પરંતુ ગુરુ નહીં. ગુરુ પ્રત્યે સહજ સમર્પણ હોય છે. આચાર્ય પ્રત્યે તે સહજ સ્વરૂપમાં ન પણ હોય, પણ કર્તવ્યના સંબંધે આચાર્ય પ્રત્યે સમર્પણ ખૂબ જ જરૂરી હોય છે. આચાર્ય પણ પોતાના પ્રત્યેક શિષ્ય પાસેથી એટલી તો અપેક્ષા રાખી શકે છે કે ઓછામાં ઓછા કર્તવ્યના સંબંધે સમર્પણમાં કોઈ મુશ્કેલી ન આવે. ગુરુના સંબંધે હોય તો વધારે ઉત્તમ.

અસમર્થ હોઈએ અને શિષ્ય બનીએ અને બીજું સમર્થ હોઈએ અને શિષ્ય બનીએ, આ બન્નેમાં ખૂબ જ મોટો તફાવત છે. કોઈ ક્ષમતા નહીં, કોઈ યોગ્યતા નહીં, પરંતુ કોઈના અનુગામી બની જઈએ, શિષ્ય બની જઈએ, કોઈ ખાસ વાત નથી, કોઈ મોટી વાત નથી, પરંતુ સામર્થ્ય અને શકિત હોય, અને શિષ્ય થવું એ મોટી અને ખાસ વાત છે, મોટી સાધના છે. શિષ્ય કોઈ પણ વ્યકિત નથી શકતો. આચાર્ય કે ગુરુની પણ એક તજસ્વિતા હોય છે, તેવી જ રીતે શિષ્યની પણ પોતાની તેજસ્વિતા હોય છે. અહંકાર છે ત્યાં સુધી કોઈ શિષ્ય બની શકતો નથી.

મહાન ભારતીય સંત કબીર કહે છે કે,

जब मैं था तब गुरु नाहि, अब गुरु है मैं नाहि ।
प्रेम गली अति सांकड़ी, तामे दो न समाही ॥

શિષ્ય હોવાની સૌથી પહેલી પરીક્ષા છે–અહંકારનો વિલય. અહંકારનો વિલય કરો, પછી શિષ્ય બનો અને શીખવાની ચેષ્ટા કરો. જયાં 'હું' અહંકાર છે, ત્યાં ગુરુ નથી હોતા,શિષ્ય પણ નથી હોતો અને જયાં ગુરુ હોય છે, શિષ્ય હોય છે, ત્યાં અહંકાર નથી હોતો. બંને એક સાથે ચાલી નથી શકતા. પ્રેમની ગલી સાંકડી હોય છે કે તેમાં ગુરુ અને અહંકાર બંને સાથે રહી શકતા નથી. શિષ્ય હોવું એ ઘણી મોટી ઉપલબ્ધિ છે. ઉત્તમ શિષ્ય એ હોય છે, જેમાં અહંકાર ન હોય.

તા. ૧ એપ્રિલ ૨૦૨૧

ડૉ. હેમાલીબેન દેસાઈ
ઈ.ચા.કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### Ph.D.

Notification Received in the University Library during the 19th December 2020 to 25th March 2021.

#### CHEMISTRY

1. Devani, Bipin Vinubhai. Studies on Synthesis of some Pyrimidine Derivatives as Antibacterial and Antifungal Agent. (Guide: Dr. D. M. Vashi, Ex. Associate Professor, Narmada College of Science and Commerce, Zadeshwar, Bharuch). Ph.D. Notification No. 2563.

2. Parmar, Parnas Sureshchandra. The Synthesis and Pharmacological Studies of Newer Heterocyclic Scaffolds based on Fused and Non-Fused Pyrazoles. (Guide: Dr. Saurabh K. Patel, Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2546.

#### COMMERCE/ACCOUNTANCY

1. Desai, Dhruti Dipesh. Analysis of Performance Management Systems in Public Sector Bank in India. (Guide: Dr. Aaishwarya Kulkarni, Associate Professor, S.P.B. English Medium College of Commerce, Surat). Ph.D. Notification No.2561.

#### COMPUTER SCIENCE

1. Patel, Jaginbhai Maganbhai. Segmentation and Recognition of Printed Gujarati Text from Image. (Guide: Dr. Apurva A. Desai, Professor & Head, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2553.

#### ECONOMICS

1. Damor, Maheshbhai Manshukhbhai. ગ્રામીણ વિકાસ અને સામુદાયિક સંસાધનો દાહોદ જિલ્લાના સંદર્ભે. (Guide: Dr. S. Srinivasa Rao, Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2562.

2. Parmar, Hemantkumar Laxmanbhai. ખેતમજૂરોની સામાજિક–આર્થિક પરિસ્થિતિ: ભરૂચ જિલ્લાનો એક અભ્યાસ. (Guide: Dr. Vijaykumar A. Joshi, Principal, M. K. College of Commerce, Bharuch). Ph.D. Notification No.2551.

3. Vhora, Gulshanben Mahamadbhai. ઉકાઈ બંધ યોજનાથી અસરગ્રસ્ત વિસ્થાપિત સમુદાયની સામાજિક–આર્થિક પરિસ્થિતિ: તાપી જિલ્લાનો એક અભ્યાસ. (Guide: Dr. Yogesh N. Vansiya, Assistant Professor, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2550.

#### EDUCATION

1. Maisuria, Varsha Pravinkumar. ધોરણ: ૧૨ના વિદ્યાર્થીઓ માટે અર્થશાસ્ત્ર વિષયમાં નિદાન કસોટીની સંરચના અને ઉપચારાત્મક કાર્ય. (Guide: Dr. R.B.Chaudhari, Ex. Associate Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2547.

2. Patel, Umeshkumar Gamanbhai. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી વિદ્યાલયોનો સર્વગ્રાહી અભ્યાસ. (Guide: Dr. Ashvini M. Kapadia, Smt. V. R. Bhakta College of Education, Kamrej Char Rasta, Dist. Surat). Ph.D. Notification No.2541.

3. Soni, Anilaben Nanalal. વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન પ્રાથમિક વિદ્યાલયોમાં અમલી સમગ્ર વિકાસ અભ્યાસક્રમ: એક સર્વગ્રાહી સમીક્ષાત્મક અભ્યાસ. (Guide: Dr. J.P.Gohil, Principal, Smt. V. R. Bhakta College of Education, Kamrej Char Rasta, Dist. Surat). Ph.D. Notification No.2565.

#### GUJARATI

1. Amin, Bindiyabahen Hasamukhbhai. અર્વાચીન ગુજરાતી નવલકથાઓમાં આદિવાસી ચેતના (ચૂંટેલી કથાઓના પરિપ્રેક્ષ્યમાં). (Guide: Dr. Arjunsinh Gadhvi, Assistant Professor, V.C.T. Mahila Arts & Commerce College, Dahegam-Manuber Road, Bharuch). Ph.D. Notification No.2545.

2. Gavli, Prafulakumari Manubhai. દક્ષિણ ગુજરાતના કુંકણાસમાજનું કંઠસ્થ સાહિત્ય: એક અભ્યાસ (ધરમપુર, વાંસદા, ખેરગામ તાલુકાના સંદર્ભે). (Guide: Dr. Jayeshree M. Solanki, Associate Professor, Shri Mumbadevi

Arts & Smt. Sugnibai R. Chamaria Commerce College, At. & Po. Motapondha, Ta. Kaparada, Dist. Valsad). Ph.D. Notification No.2554.

3. Vadu, Amrutaben Rameshbhai. ડાંગ જિલ્લાના વારલી સમાજના લોકગીત અને લોકકથાઓનું સાહિત્યિક અને સાંસ્કૃતિક અધ્યયન. (Guide: Dr. Jayantibhai Chaudhari, Principal, Shri Morarji Desai Arts & Commerce College, Buhari). Ph.D. Notification No.2527.

**HINDI**

1. Gamit, Anilkumar Lallubhai. **रामदरश मिश्र का कथेतर साहित्यः एक अनुशीलन**. (Guide: Dr. Bimlesh Tevatia, Ex. Principal, Shri S.G.Patel Arts and Shri P.K.Desai Commerce College, At. Nizar, Dist. Tapi). Ph.D. Notification No.2549.

2. Jani, Harshadkumar Gunvantbhai. **डॉ. किशोर काबरा के प्रबंध काव्यों में पौराणिकता एवम् आधुनिकता**. (Guide: Dr. Bimlesh Tevatia, Ex. Principal, Shri S.G.Patel Arts and Shri P.K.Desai Commerce College, At. Nizar, Dist. Tapi). Ph.D. Notification No.2566.

3. Rajput, Jitendrakumar Jagannathsingh. **राष्ट्रीय संपर्क भाषा के रूप में हिन्दी (महात्मा गांधी एवम् नरेन्द्र मोदी के संदर्भ में**. (Guide: Dr. N.M.Kalarthi, Associate Professor, Shree Jayendrapuri Arts & Science College, Bharuch). Ph.D. Notification No.2559.

4. Shaikh, Yasminbanu Gyasmohmmad. **गुजरात और राजस्थान के लोकगीतों का तुलनात्मक अध्ययन**. (Guide: Dr. Uttambhai L. Patel, Assistant Professor, Shri Vanraj Arts & Commerce College, Dharampur, Dist. Valsad). Ph.D. Notification No.2548.

**HISTORY**

1. Patel, Bhupendra Shantilal. પુરાણી બંધુઓની વડોદરા અને ભરૂચ જિલ્લાની વ્યાયામપ્રવૃતિઓ અને તેમના સાથી વ્યાયામવીરોનું સામાજિક અને રાજકીય ક્ષેત્રે પ્રદાન (ઈ.સ. ૧૯૦૫ થી ૧૯૫૦) – એક ઐતિહાસિક અધ્યયન. (Guide: Dr.H.Y.Kharvasiya, Principal, Smt.R.P. Chauhan Arts & Smt.J.K.Shah & Shri K.D.Shah Commerce College, Vyara). Ph.D. Notification No.2558.

2. Patel, Kirtibahen Naranbhai. દક્ષિણ ગુજરાતનાં દેશી રાજ્યો–એક ઐતિહાસિક અધ્યયન. (Guide: Dr.B.G. Desai, Shri J.S.Bhakta & Shri K.M. Bhakta Arts & Shri A.N.Shah Science & Shri N.F.Shah Commerce College, Kholwad, Kamrej Char Rasta, Dist. Surat). Ph.D. Notification No.2552.

**LAW**

1. Ramani, Hetal Nanjibhai. A Study of the Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995 and Act of 2016. (Guide: Dr. Sanjay G. Maniar, I/c. Principal, Shah K. M. Law College, Tithal Road, Valsad). Ph.D. Notification No.2556.

2. Somani, Vipul Jamnadas. Socio-Legal Studies of Juvenile Delinquency in South Gujarat. (Guide: Vikrambhai Desai, Ex. Principal, Siddharth Law College, N.H.-8, Near Dada Bhagvan Mandir, Navagam, Kamrej Char Rasta, Surat). Ph.D. Notification No.2557.

**MICROBIOLOGY**

1. Patel, Margiben Hemangkumar. Biomedical Potential of Metal Nanoparticles Synthesized from Herbal Plants. (Guide: Dr. Faridaben P. Minocheherhomji, Associate Professor, B.P.Baria Science Institute, Narsari). Ph.D. Notification No.2544.

**PHYSICS**

1. Soni, Krishna Govindbhai. Study the Influence of Ferro Electric Ceramic $Na_{0.2}$ $Bi_{0.3}$ $Zr_{0.5}$ $TiO_2$. (Guide: Dr. V.G.Joshi, Professor, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat). Ph.D. Notification No.2555.

**PSYCHOLOGY**

1. Bhalani, Baliben Govindbhai. A Comparative Study of Personality Among Married, Unmarried, Assumed Sanyaasa, Sex Worker Male-Female and Third Gender who are Residents in Surat City. Reference Through Rorschach Inkblot Test and Big Five Personality Test. (Guide: Dr. Rudreshbhai M. Vyas, Assistant Professor, M.T.B. Arts College, Athwalines, Surat). Ph.D. Notification No.2564.

## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### ઈંધણ બચાવો, ભવિષ્ય બચાવો : સેમિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોર્મસ કોલેજ, અમરોલી દ્વારા તા. ૨૯/૦૧/૨૦૨૧ના રોજ ઈંધણ બચાવો ભવિષ્ય બચાવો વિષય પર સેમિનારનું આયોજન થયું હતુ. જેમાં શ્રી દેવાંગભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને વિષય અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું. આ જાગૃતિ અભિયાન પેટ્રોલીયમ કન્ઝરવેશન રિસર્ચ એસોસીએશન (PCRA) મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલીયમ અને નેચરલ ગેસ, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે ચલાવવામાં આવે છે. જેનો હેતુ દેશની પેટ્રોલીયમ પેદાશ પરની નિર્ભરતા ઓછી કરવી, પેટ્રોલીયમ પેદાશની બચત કરવી, પેટ્રોલીયમ પેદાશના વિકલ્પોની પસંદગી કરવાનો છે. શ્રી દેવાંગભાઈ દેસાઈએ પેટ્રોલીયમ પેદાશની બચતનું મહત્વ, રીત અને લાભોની ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને અઠવાડીયામાં એક દિવસ સાયકલનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીઓને જણાવ્યુ કે, પેટ્રોલીયમ પેદાશનો ઉપયોગ સંયમપૂર્વક કરવો જેથી આવનારી પેઢીને પણ તેનો મહત્તમ લાભ મળી શકે.

#### યુથ પાર્લામેન્ટ



તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં યુથ પાર્લામેન્ટ સેશનનું આયોજન થયુ હતું. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હાલમાં દેશમાં ચાલી રહેલી સમસ્યાઓ જેવી કે કૃષિ કાયદાઓ, નાગરિકતા સંશોધન કાનૂન, મોંઘવારી, આર્થિક સમસ્યાઓ, મહિલા સશક્તિકરણ, દેશની સલામતી વગેરે વિષય ઉપર ચર્ચા અને પ્રશ્નોત્તરી કરી હતી. સમગ્ર કાર્યક્રમ બે ભાગમાં વિભાજીત થયો હતો. પ્રથમ સત્રમાં વિવિધ મુદ્દાઓ ઉપર પ્રશ્નોત્તરી જયારે બીજા સત્રમાં વિવિધ બિલને બહુમતીથી પસાર કર્યા હતા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયાના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓને બે ભાગમાં સત્તાપક્ષ અને વિપક્ષમાં વિભાજિત કર્યા હતા. તેમજ સંસદમાં થતી કાર્યવાહી પ્રમાણે આબેહૂબ નાટય–રૂપાંતર કર્યુ હતું.

પ્રિ.ડૉ.કે.એન.ચાવડાએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓના વિકાસ માટે તેમજ ભવિષ્યના દેશના નેતાઓના ઘડતર માટે અને સારા નાગરિક બનાવવા માટે આવા કાર્યક્રમોનું વારંવાર આયોજન થવું જોઈએ. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રી કનુભાઈ ભરવાડે હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતુ તથા આ કાર્યક્રમના વખાણ કર્યા હતા અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

#### આધુનિક જીમખાના રૂમ અને કેરિયર કાઉન્સેલિંગ હબનું ઉદ્દઘાટન



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ આધુનિક જીમખાના રૂમ અને કેરિયર કાઉન્સેલિંગ એજયુકેશન હબનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારત સેવાશ્રમ સંઘ, હિન્દુ મિલન મંદિર સુરતના પ્રમુખશ્રી સ્વામી અંબરીષાનંદજી મહારાજ, ક્રીડાભારતીના પ્રમુખશ્રી જગદીશભાઈ આર.ચાવડા, જીવનજયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, કોલેજના માનદમંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ અને અનુજભાઈ શાહ, તથા ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી સ્નેહલભાઈ શાહ, આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, નેશનલ ગ્રુપના શ્રી શિરીષભાઈ પારેખ તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ થાય, રમત–ગમત ઉજ્જવળ દેખાવ કરી શકે તેવા હેતુથી આધુનિક સાધનોથી સજ્જ જીમખાના રૂમ અને વિદ્યાર્થીઓને કારકીર્દી ક્ષેત્રે, મનોવૈજ્ઞાનિક કાઉન્સેલીંગ વિવિધ કૌશલ્યનો વિકાસ થાય તેવા હેતુ માટે કેરિયર કાઉન્સેલિંગ એજયુકેશન હબનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

#### ગુજરાત રાજય વેઈટ લીફટીંગ (સિનિયર) સ્પર્ધા ૨૦૨૦–૨૧ : ગૌરવ

તા. ૨૭–૨–૨૦૨૧ શનિવારના રોજ સી.બી.ભંડારી હાઈસ્કુલ, મગદલ્લા–સુરત ખાતે રમાયેલ ગુજરાત રાજય વેઈટ

લીફટીગ (સિનિયર ભાઈઓ–બહેનો) સ્પર્ધા ૨૦૨૦–૨૧માં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના ખેલાડીઓએ ભાગ લઈ ઝળહળતો વિજય મેળવ્યો છે. ભાઈઓની સ્પર્ધામાં શ્રી કુલદીપ ગુપ્તાએ (ગોલ્ડ મેડલ), શ્રી ચેતન સતિયાએ (ગોલ્ડ મેડલ), શ્રી અક્ષય બલદાણીયાએ (સિલ્વર મેડલ), શ્રી અવિનાશ તિવારીએ (સિલ્વર મેડલ), શ્રી જય વાડદોરિયાએ (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કર્યો છે. જ્યારે બહેનો વિભાગમાં કુ. શ્રુતિ વાઢેરે (ગોલ્ડ મેડલ) અને કુ. હરમિષા શેલડિયાએ (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કરી અમરોલી કોલેજનું નામ ગુજરાત રાજયમાં રોશન કર્યુ છે. વિજેતાઓને શ્રેષ્ઠ કોચિંગ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. સુરેન્દ્રસિંહ પી. રાણા તેમજ શ્રી મનીષ ડી. તિવારીએ આપ્યું હતું. ટીમ મેનેજર તરીકે ડૉ. રૂસ્તમ એન. સદરીએ સેવા બજાવી હતી.

વિજેતાઓને જીવન જયોત ટ્રસ્ટ અમરોલી, આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીગણ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.



## ચીનની માનસિક લડાઈ : નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તેમજ જમ્મૂ કાશ્મીર અધ્યયન કેન્દ્ર દ્વારા તા. ૧૧ ઓકટોબર, ૨૦૨૦ના રોજ " ચીનની માનસિક લડાઈ" વિષય અંતર્ગત Zoom, Microsoft, You Tube, Twitter, Face Book અને Instagramના માધ્યમથી ૨૮માં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. જેમાં સેન્ટર ફોર સોસીયો કલ્ચર સ્ટડીઝ પંજાબના ડિરેકટર તથા ભારતીય સંરક્ષણ અને સુરક્ષા બાબતોના પ્રતિષ્ઠિત વિશ્લેષક નિવૃત્ત કર્નલ જૈબન્સ સિંહ મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જમ્મૂ કાશ્મીર અધ્યયન કેન્દ્ર તરફથી નિર્દેશક તરીકેશ્રી આશુતોષજી ઉપસ્થિત હતા. આ વેબિનારમાં શ્રી જૈબન્સ સિંહજીએ ચીનની માનસિક લડાઈ વિશે વાત કરી હતી. તેમણે સરમુખત્યારશાહી શાસન પર રોશની મુકી હતી. તેમણે આંતરિક ગુપ્તતા વિશે વાત કરી હતી. તેઓએ ચીનના આંતરિક પ્રચાર વિશે વાત કરી હતી કે ચીન કઈ રીતે ત્યાંની પ્રજાની વિચારધારાને માર્ગદર્શક આપે છે તથા જે તેના વિચાર સાથે સહમત નથી તેઓને કઈ રીતે સહમત કરવા એ વિશે વાત કરી હતી. તેમણે ઈન્ટરનેટ માધ્યમથી ફેલાયેલ ચીનની જાળ વિશે વાત કરી જેમ કે વિડીયો ગેમ્સ તથા ટીકટોક જેવી મનોરંજનની એપ્લીકેશન જેથી આખી દુનિયામાં ચીનએ જાળ બનાવી છે. તેમણે એ પણ સલાહ આપી કે જરૂરી નથી આપણે ભારતીય સેનામાં જોડાવું પણ ચીન સમક્ષ આપણે આપણી વિચારધારા ચોકકસથી બદલવી જોઈએ.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ.દિલીપ કતારીયાએ કરાવ્યો હતો. વેબિનારનું સંચાલન આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કર્યુ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

## 'સ્માર્ટ ગર્લ' : ત્રિદિવસીય કાર્યશાળા




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ અને ભારતીય જૈન સંઘટના (BJS), સુરતના સંયુકત ઉપક્રમે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં 'સ્માર્ટ ગર્લ' વિષય પર તા. ૧, ૨, ૩ માર્ચ ૨૦૨૧ દરમિયાન ત્રિદિવસીય (૧૨ કલાક) કાર્યશાળા (વર્કશોપ)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં ત્રણ દિવસ દરમિયાન અને મોટીવેશનલ વકતા શ્રી મનીષા મહેતાએ વિદ્યાર્થીનીઓને સ્પર્શતા વિવિધ વિષયો જેમ કે, વડીલો સાથે સંબંધ વિચ્છેદ, વડીલો સાથે તંદુરસ્ત સંવાદ, પરિવારનું ઐકય, સારી મૈત્રી કઈ રીતે કેળવવી, ટેકનોલોજીનો સમુચિત ઉપયોગ તેમજ જીવનસાથીની પસંદગી કઈ રીતે કરવી જેવા મહત્વના વિષયો પર સંવાદમય શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાર્થિનીઓએ તેમની મૂંઝવણો અને પ્રશ્નો રજુ કર્યા હતા જેમના મનીષભાઈએ સંતોષકારક ઉત્તરો આપ્યા હતા. કાર્યશાળાના અંતિમ દિવસે ભાગ લેનાર વિદ્યાર્થિનીઓના વાલીઓ પણ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીનીઓએ વાલીઓ સમક્ષ તેમના અનુભવો વર્ણવ્યા હતા.

આ કાર્યશાળાના અંતે કાર્યશાળાને સફળ બનાવવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે વકતા શ્રી મનીષ મહેતાનો અને ભારતીય જૈન સંઘટના, સુરતના હોદ્દેદારોનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યશાળાનું સંચાલન પ્રો. નંદા બોથરાએ કર્યુ હતું.



## અંતરાષ્ટ્રીય વિમેન્સ ડેઃ સેમિનાર





અંતરાષ્ટ્રીય વિમેન્સ ડે ના ઉપલક્ષમા વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ અને મારવાડી યુવા મંચના સંયુક્ત ઉપક્રમે કોલેજના એન.એસ. એસ. યુનિટ દ્વારા સપ્તધારાના સેવા સમુદાય ધારા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ પાંડેસરા, સુરતની જ્ઞાન વિકાસ હિન્દી વિદ્યાલયમાં 'ગુડ ટચ એન્ડ બેડ ટચ' વિષય પર સેમિનાર અને સેનિટરી પેડ્સ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ. એસ. યુનિટની વિદ્યાર્થિનીઓ દ્વારા વિકાસ હિન્દી વિદ્યાલયની છાત્રાઓને ગુડ ટચ તથા બેડ ટચ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આવા સંજોગોમાં તેઓએ કેવી રીતે વર્તવું અને કોની પાસે મદદ માંગવી તેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. તદુપરાંત મારવાડી યુવા મંચની મહિલા કાર્યકર્તાઓ દ્વારા સ્વસ્થ ભારત હેઠળ આ છાત્રાઓને સ્ત્રી આરોગ્ય રક્ષા માટે જાગૃત કરી સેનિટરી પેડ્સના વપરાશ માટેનું માર્ગદર્શન અને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આશય બાળકીઓને પોતાની કાળજી રાખવા તેમજ તેમના પરિવારને સ્વસ્થ રાખવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મારવાડી યુવા મંચના મિસ. પ્રેરણા ભઉવાલા અને એમની ટીમ, એમ.એસ.એસ.ના કોઓર્ડિનેટર પ્રા. ક્રિષ્ના દેસાઈ અને એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'રોડ સેફટી એન્ડ ટ્રાફિક એજ્યુકેશન' : રાષ્ટ્રીય વેબિનાર




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ સપ્તધારાના સમુદાય સેવા ધારા અંતર્ગત ડિસ્ટ્રક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી અને સુરત શહેર ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે એન.એસ.એસ. યુનિટ દ્વારા 'રોડ સેફટી એન્ડ ટ્રાફિક એજ્યુકેશન' વિષય પર ૧૪મો રાષ્ટ્રીય સ્તરના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં ટ્રાફિક રિજીયન–૩ના એસીપીશ્રી એચ.ડી. મેવાડાએ યુવાઓને ટ્રાફિક નિયમનું પાલન કર્તવ્યના ભાગરૂપે કરવું જોઈએ એ વિષે જણાવ્યું હતું. તેમણે રોંગ સાઈડમાં વાહન ચલાવવાનો ગેરફાયદો અને જીવના જોખમ વિશે વિસ્તૃત માહિતી આપી. તે ઉપરાંત ઓડિયો–વિજયુઅલના માધ્યમથી અકસ્માતના કારણો, માનવીય ભૂલોનું વિશ્લેષણ કરી તેના નિવારણ માટે માર્ગદર્શન આપ્યું હતું અને માર્ગ અકસ્માત ઓછો થાય તે માટે ટ્રાફિક વિભાગ તથા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા ઘનિષ્ઠ પ્રયાસો વિશે સમજ આપી હતી.

ત્યારબાદ રોડ સેફટી ટ્રેનર અને DTEWSના પ્રેસિડેન્ટશ્રી બ્રિજેશ વર્મા દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સની માહિતી, સરકારશ્રીની રોડ સેફટી અંગેની યોજનાઓ, રોડ અકસ્માત વખતે નાગરિકોનું કર્તવ્ય તેમજ અકસ્માત નિવારણ માટે ઉપયોગી માર્ગદર્શન અને નિયમો અંગે તલસ્પર્શી સમજ આપી હતી.

આ વેબિનારમાં વિવિધ રાજ્યોમાથી ૨૪૧ જેટલા ફીમેલ એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમે સફળ બનાવ્યો હતો. અંતે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિષ્ના દેસાઈ તથા ટેકનીકલ સ્ટાફ કુ. ક્રિના દેસાઈ તથા શ્રીમતી ભૂમિ દેસાઈએ કર્યુ હતું.

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.

### મહિલા આરોગ્ય સમસ્યાઓ : સેમિનાર




સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨૬/૦૩/૨૦૨૧ને શુક્રવારના રોજ 'ધ કોલેજીએટ વુમન ડેવલેપમેન્ટ કમીટી' અને રૂસા Com-09ના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ મહિલા જાગૃતિ અભિયાન "મહિલાઓની માસિક ધર્મની સમસ્યાઓ અને સર્વાઈકલ કેન્સર" સંદર્ભે સેમિનાર યોજાયો હતો. જે નિમિતે સામાજિક કાર્યકર તર્પણબેન વણકર અને શેખ મારિયા સલીમભાઈએ વિદ્યાર્થીઓનીઓને માર્કેટમાં મળતા પ્લાસ્ટિકના સેનેટરી પેડ વાપરવાથી થતા શ્વેતપદર, ખુજલી, ચામડીના રોગ, ગર્ભાશયનું કેન્સર વગેરે જેવી ગંભીર બિમારીઓથી કઈ રીતે બચી શકાય તે અંગે સરળ ભાષામાં પોતાની વાતને વ્યક્તિગત પ્રયોગો દ્વારા બતાવી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડયું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈતિહાસ વિભાગના પ્રા. ડૉ. નીમુબેન એસ. ચૌધરીએ કર્યુ હતું.

### "ઉદ્યોગ સાહસિકતા" માર્ગદર્શન : સેમિનાર



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨૭/૦૩/૨૦૨૧ શનિવારના રોજ ઉદિશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ ઉદિશા પ્લેસમેન્ટ સેલના કો–ઓર્ડિનેટર પ્રા. જીગરકુમાર વી. પરમારના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ઓફ લાઈન "ઉદ્યોગ સાહસિકતા" અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિતે વકતા તરીકે એમ.વી. એમ. કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ મુંબઈ (મહારાષ્ટ્ર) થી ફાઈનાન્સિયલ મેનેજમેન્ટના પ્રા. નિરમાબેન મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાનું વ્યકતવ્ય આપતા જણાવ્યું કે તમારું કલ્યાણ ત્યારે જ થશે જયારે તમારી પાસે કોઈ સ્કીલ હશે. તમારે શું બનવું છે એ નકકી કરો ડેવલપમેન્ટ કરવા માટે તમારી ઈચ્છા શકિત, આત્મવિશ્વાસ, વૈચારિક દ્રષ્ટિકોણ સંશોધન, ટાઈમ મેનેજમેન્ટ જેવી બાબતો મહત્વની ભૂમિકા ભજવે છે. તેના ઉપર તમારે ખૂબ ધ્યાન રાખવું પડશે. આ સાથે તમારા ભવિષ્યની ઈમારતનો પાયો, સપના, સાહસ, ધગશ અને લગન પર રચાયેલ છે.સ્પર્ધાત્મક યુગમાં ઉભા રહેવા માટે હકારાત્મક અભિગમ ખૂબ જરૂરી છે. ભારતના વિવિધ ઉદ્યોગપતિઓના ઉદાહરણ આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું કે શૂન્યમાંથી સર્જન કેવી રીતે કરી શકાય. તે માટે ધીરૂભાઈ અંબાણીના જીવનમાંથી પ્રેરણા લઈ આગળ વધો તમારો વિચાર ખૂબ મોટો હોવો જોઈએ. રસ્તો આપો આપ મળે છે. વિદ્યાર્થીઓએ જીવનમાં સફળ થવા માટે નકારાત્મક વલણ ત્યજવું પડશે અને હકારાત્મક અભિગમ કેળવવું પડશે. તોજ જીવન સાર્થક બનશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જીગરકુમાર વી. પરમારે કર્યુ હતું અને આભારવિધિ પ્રા. ડૉ. નીમુબેન એસ. ચૌધરીએ કરી હતી.

### રાષ્ટ્રીય સેવા યોજના : એક દિવસીય વાર્ષિક ખાસ શિબિર

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૩૦/૦૩/૨૦૨૧ ને મંગળવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને સેવા સમુદાય ધારાના સંયુકત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ ના અધ્યક્ષપણા હેઠળ અત્રેની કોલેજમાં છેલ્લા પાંચ વર્ષથી N.S.S. પ્રોગ્રામ ઓફિસર તરીકે ફરજ બજાવતા કોમર્સ વિભાગના પ્રા. સુનિલભાઈ એમ. જાદવ તથા સંસ્કૃત વિષયમાં ફરજ બજાવતા નવ નિયુકત પ્રોગ્રામ ઓફિસર પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ અને ગુજરાતી વિષયમાં ફરજ બજાવતા પ્રા.જમનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એક દિવસીય વાર્ષિક ખાસ શિબિરનું કોલેજ કેમ્પસના પટાંગણમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના ૧૪૮ વિદ્યાર્થીઓ તથા ૧૭ અધ્યાપકો સ્વૈચ્છાએ સહભાગી બની કોલેજ બિલ્ડીગ, હોસ્ટેલ બિલ્ડીગ, કોલેજ કેન્ટીન, પાર્કિંગ, સર્કલ, રોડની આજુ–બાજુ તેમજ કોલેજ બિલ્ડીગ તેમજ હોસ્ટેલ બિલ્ડીગ પર લગાવેલ સોલાર પેનલની સાફ–સફાઈ કરવામાં આવી. તેમજ ફુલ–છોડ તથા વૃક્ષોને પાણીનું સિંચન જેવી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદ્દેશ્યને સમજવું જરૂરી છે. તથા શ્રમ કાર્ય સમૂહભાવના અને એકતા વિદ્યાર્થીઓ કેળવે તથા તંદૂરસ્ત

સમાજનું નિર્માણ થાય એ હેતું જળવાઈ રહેવો અત્યંત જરૂરી છે. વૈશ્વિક સમસ્યા Covid-19ની પરિસ્થિતિમાં વિદ્યાર્થી સમાજ અને રાષ્ટ્ર આત્મ નિર્ભર બને તથા "વસુધૈવ કુટુંબકમ"ની ભાવનાને ચરિતાર્થ કરે એ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત મિશન'ના ઉદ્દેશ્યને સાકાર કરવાનો વિદ્યાર્થીઓ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તથા વિદ્યાર્થી અને અધ્યાપકોએ સોસીયલ ડિસ્ટન્સનું પાલન કરી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### જ્ઞાનધારા અંતર્ગત પ્રવચન

ભાવિ શિક્ષકોના સુચારૂ ઘડતર માટે સતત મથતી સંસ્થા, શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં 'જ્ઞાનધારા' અંતર્ગત આયોજિત પ્રસ્તુત કાર્યક્રમનો આરંભ ભાવસભર પ્રાર્થનાથી થયો હતો. સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનશ્રીને આવકારી શિક્ષણ જગતની પ્રવર્તમાન કડવી વાસ્તવિકતાઓ અને એની સામે ભાવિ શિક્ષકો પાસેથી ભગીરથ અપેક્ષાઓ સ્પષ્ટ કરી આજના 'સંવાદ' પાછળના ઉદ્દેશ્યો જણાવ્યા હતા. ઓએસિસ સેલ્ફ લીડરશીપ એજ્યુકેશન ફોર કોમ્યુનિટી ડેવલપમેન્ટ, વડોદરા સાથે અનુબંધિત કાર્યક્રમના મુખ્યવક્તા શ્રી પ્રતિકસિંહ પરમારે આગવી શૈલીમાં વિચલિત થયેલા યુવાધન, અસહાય શિક્ષણ વ્યવસ્થાની ગાડીને ફરીથી પાટા ઉપર ચડાવવાની શકયતાઓને સંકોરી એ માટે જરૂરી ભાવજગત સર્જવા માટે ભાવિ શિક્ષકોને અસરકારક રીતે પ્રેરિત કર્યા હતા. વ્યકિત અને વ્યવસ્થામાં પરિવર્તન માટે ઉપયોગી નીવડી શકે એવું લિયો ટોલ્સટોય લિખિત અને તેજસ્વી પ્રતિભાવાન શ્રી સંજીવ શાહ દ્વારા ભાવાનુવાદિત પુસ્તક "સદીઓનું શાણપણ" પ્રત્યેક તાલિમાર્થીઓને ભેટ આપવામાં આવ્યું હતું. વકતાશ્રીએ સંસ્થાના ભાવજગતને બિરદાવી સંસ્થા દ્વારા કરાતા શિક્ષકોના ઘડતરની પ્રક્રિયાને ખૂબ અર્થપૂર્ણ અને ઉપકારક ગણાવી હતી. તાલીમાર્થીઓએ પ્રસ્તુત કાર્યક્રમને પ્રશ્નોત્તરી અને સહસવેદન દ્વારા મન ભરીને માણ્યો હતો.



## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### વિશ્વ મહિલા દિન : ઉજવણી




તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચમાં તા. ૧૫–૩–૨૦૨૧ સોમવારના રોજ "વિશ્વ મહિલા દિન" પ્રસંગે કાર્યક્રમમાં પ્રેરણાદાયી વ્યકિતત્વ ધરાવતા પરમ પ્રમાણ આશ્રમ, પારડી, વલસાડથી પધારેલ પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરૂઆત પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજીના વરદ હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. ત્યારબાદ 'વક્રતુંડ મહાકાય' શ્લોક અને 'જીવન અંજલિ થાજો' પ્રાર્થનાનું ગાન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત પ્રથમ વર્ષ બી.એડ.ની તાલીમાર્થી સોલંકી કિષ્ના તેમજ બી.એડ. વિભાગના ઈ.આચાર્યશ્રી આશ્કાબેન શુક્લ દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી.

બી.એડ. વિભાગના ઈ.ચા.આચાર્ય આશ્કાબેન શુક્લ દ્વારા મહેમાનશ્રી પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજીનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. તેમણે જણાવ્યું કે, સ્ત્રીનું અસ્તિત્વ સૃષ્ટિની રચના કરવાથી બન્યું જેમાં શકિત અને ભકિતનો સમન્વય જોઈ શકીએ એવા સત્પ્રિયાનંદજી ભારતીય સંવર્ધનની શકિતને માર્ગે પ્રયાસ કરી રહ્યા છે. તેઓ મુંબઈ, પુના, અમદાવાદના યુવાનોને સાથે જોડીને ચાલે છે. જેથી યુવાધન ગેરમાર્ગે દોરાયું નથી. કાર્યક્રમમાં આવું વ્યકિતત્વ ઉપસ્થિત હોય તેમના આશીર્વચન લઈશું એમ તેમણે પોતાના શાબ્દિક સ્વાગતમાં જણાવ્યું.

કાર્યક્રમમાં તપોવન સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા, નિયામકશ્રી જાગૃતિબેન પંડયા, જયોતિબેન પંડયા, બી.એડ.ના ઈ.ચા. આચાર્ય આશ્કાબેન શુક્લ તથા ભગિની સંસ્થાઓ તેમજ સંસ્થાઓના અધ્યાપકો અને શિક્ષકોના સહકાર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી.




વિશ્વ મહિલા દિન પ્રસંગે કાર્યક્રમમાં બી.એડ. વિભાગની પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થીઓ દ્વારા વકતવ્ય ગીત, તલવારબાજી, નાટક, કાવ્ય, નૃત્ય જેવી વિવિધ કૃતિઓની ખૂબ જ સુંદર રજૂઆત કરવામાં આવી જેમાં તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

પ્રથમ વર્ષ બી.એડ.ની તાલીમાર્થી શિક્ષા ત્રિપાઠીએ "મૈં લડકી હૂઁ મુઝે પઢના હૈ" કાવ્ય, પટેલ દિલનાઝ દ્વારા સ્ત્રી સશકિતકરણ પર વકતવ્ય, સોલંકી કિષ્ના દ્વારા તલવારબાજી તથા તાલીમાર્થીઓના વૃંદ દ્વારા "મોતી વેરાણા ચોકમાં" નાટક પઢાર શિવાની દ્વારા "લડકિયો કી જીંદગી આસાન નહી હોતી" કાવ્ય તથા પ્રથમ વર્ષની તાલીમાર્થીઓ દ્વારા "બેખોફ આઝાદ હૈ જીના હૈ મુઝે" નૃત્ય, પંપાલીયા રાધિકા દ્વારા વકતવ્ય, દ્વિતીય વર્ષની તાલીમાર્થી રોકડ સમીરા દ્વારા "મુજે કયોં બેચેગા રૂપૈયા" ગીત જેવી વિવિધ કૃતિઓની આહલાદક અને ધારદાર રજૂઆત કરવામાં આવી.

કાર્યક્રમના મધ્ય ભાગમાં પ.પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિની અંદર નારી શકિતનું એક અનોખુ અને આગવું સ્થાન છે. નારીને પુરુષ સાથે કયારેય પણ સરખાવી શકાય નહી. જો કોઈ સ્ત્રી પોતાને પુરુષ સમાન હકની વાતો કરતી હોય તો તે સ્ત્રીને પોતાની અંદર રહેલી શકિતનું ભાન નથી. સ્ત્રી પાસે અતૂટ અતુલ્ય શકિત છે. પોતાના હૃદયની અંદર એક ઝબકી મારી વિચાર કરશો તો આખું હૃદય કેટલું માંગે છે ? સ્ત્રીની અંદર અતૂટ તાકાત છે, સ્ત્રીને સહયાતની આવશ્યકતા નથી. સ્ત્રી જ પોતાને અબળા બનાવે છે. સ્ત્રીએ જ પોતાનું મૂલ્ય અવમૂલ્યન કરી દીધું.

ભારતીય સંસ્કૃતિમાં સનાતન સંસ્કૃતિમાં સ્ત્રીનું પૂજન કરવામાં આવે છે. સ્ત્રીની અંદર રહેલા સદગુણો, સ્ત્રીના સામર્થ્યની પૂજા કરવામાં આવે છે. "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે દેવતા" અર્થાત જયાં જયાં નારીનું પૂજન થાય છે ત્યાં ત્યાં દેવતાઓ રમણ કરે છે. નારીનું પૂજન કરવું અર્થાત નારી શું છે ? કઈ નારીનું પૂજન થાય ? નારીની પાસે બધા જ પ્રકારના ગુણો છે. નારીના હૃદયની અંદર અનેક ગુણો રહેલા છે. સ્ત્રી એટલે કરૂણાની મૂર્તિ, સ્ત્રી એટલે દયાનિધિ, સ્ત્રી એટલે સહનશીલતા, સ્ત્રી એટલે નમ્રતા, સ્ત્રી એટલે મૃદુતા, સ્ત્રી પાસે લાવણ્ય છે. આ બધા ગુણોથી ભરપૂર એ સ્ત્રી છે એમ પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજીએ જણાવ્યું.

કાર્યક્રમના અંતે બી.એડ. વિભાગના અધ્યાપિકા મુનીશાબાનું મલેક દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું. અંતે સમૂહમાં રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષ બી.એડ.ની તાલીમાર્થી રોકડ સમીરા, કિંજલ રાઠોડ અને પ્રથમ વર્ષ બી.એડ.ની તાલીમાર્થી વિધિ પુરાણી દ્વારા બી.એડ.ના અધ્યાપિકા મુનીશાબાનું મલેકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

## V.T. Choksi Sarvajanik College of Education,Surat.

### પીએચ.ડી.



વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન સુરતમાં અધ્યાપક સહાયક તરીકે કાર્ય કરતાં અનિતાબેન નાનાલાલ સોનીએ "વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન પ્રાથમિક વિદ્યાલયોમાં અમલી સમગ્ર વિકાસ અભ્યાસક્રમ: એક સર્વગ્રાહી સમીક્ષાત્મક અભ્યાસ" વિષય પર તૈયાર કરેલ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય તેમણે ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહીલનાં માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું. અભિનંદન.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Surat.

### Best out of Waste સ્પર્ધા



ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં તા. ૨૬/૦૨/૨૦૨૧ ના રોજ Best out of Waste સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતાથી નકામી વસ્તુઓમાંથી ઉપયોગી વસ્તુ કેવી રીતે બનાવી શકાય તેનું અદ્‌ભૂત પ્રદર્શન કર્યુ હતું. આ સ્પર્ધામાં બ્રહ્મભટ્ટ પૂજા, દિક્ષિત ધનાની અને ખાન સાયમા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની કલા–કૌશલ્ય ધારાના સભ્યોએ કોલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. કોલેજના પ્રાધ્યાપકો ડૉ. હુરમઝ પટેલ અને ડૉ. રુદ્રી પુરોહિતે સ્પાર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

### Movie Review સ્પર્ધા




ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં તા. ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ Movie Review સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થીઓએ હિન્દી સિનેમાની પ્રસિદ્ધ બાયોપિક અને પ્રેરણાત્મક ફિલ્મો વિશે તેમના અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પટેલ ધ્રુવી (લગાન ફિલ્મ), શર્મા બબલુ (તાનાજી ફિલ્મ) અને પાટીલ ત્રિવેણીએ (આનંદ ફિલ્મ) અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની ગીત–સંગીત અને નૃત્ય ધારા (સાંસ્કૃતિક સમિતિ)નાં સભ્યો દ્વારા કોલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રાધ્યાપકો પ્રા. કલ્પેશ કંસારા તથા પ્રા. નિશા મેધાતે સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in